ક્રમાંકઃઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પીઓએલ/૧(૮)/૧૯

તારીખઃ ૨૬/૦૬/૨૦૦૨

<u>પરિપત્ર</u>

વિષયઃ- <u>નિગમની ફાળવણીની નીતિના સરળીકરણ બાબત.</u>

રાજયમાં ઉદ્યોગોનો સંતુલીત અને સુવ્યવસ્થિત વિકાસ થાય તે હેતુથી જીઆઈડી એકટ હેઠળ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે. આ હેતુ બર લાવવા માટે નિગમ ધ્વારા રાજયમાં જુદા જુદા સ્થળોએ ઔધોગિક વસાહતો સ્થાપવામાં આવી છે. આવી વસાહતોમાં ઉદ્યોગ સાહસિકો ધ્વારા ઉદ્યોગો સ્થપાય, આવા વિસ્તારોનો વિકાસ થાય અને આ વિસ્તારના લોકોને રોજીરોટી મળે અને ઉદ્યોગોની સાથે સાથે આનુષંગિક સવલતો પણ ઉપલબ્ધ થાય. જેના કારણે લોકોનું જીવનધોરણ ઉંચું આવે. આ દિશામાં રાજયમાં ઘણી પ્રગતિ થયેલ છે, જેમાં નિગમે પણ મહત્વનો ફાળો આપેલ છે.

છેલ્લા દાયકામાં ઉદારીકરણ અને વૈશ્વિક સ્પર્ધાના કારણે ઘણા પરિવર્તનો જોવા મળેલ છે, જેના કારણે માંગમાં ઘટાડો જોવા મળેલ છે. આ પરિવર્તનોની સાથે રહેવા માટે નિગમે પણ તેની નીતિઓ અંગે સરળીકરણ કરવા અને યોગ્ય દિશામાં આગળ પગલાં લેવા અંગે તેની તા.૩/૫/૨૦૦૧, ૧૮/૫/૨૦૦૧ અને ૧૮/૩/૨૦૦૨ અને તા. ૧૦/૪/૨૦૦૨ ના રોજ મળેલ ૪૦૮ મી સભા, જે તા.૨૨/૪/૨૦૦૨ ના રોજ ઉપર મુલત્વી રહેલ જેમાં વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને પ્રવર્તમાન નીતિમાં કેટલાક મૂળભૂત સુધારાઓ કરવાનું ઠરાવેલ છે. આ મૂળભૂત સુધારાઓ નીચે મુજબ છે.

(૧) <u>અરજીપત્રક બાબતઃ-</u>

હવે પછી પ્લોટ-શેડ-મકાનો અને મિલ્કતો માટેના અરજીપત્રક ગુજરાતી તેમજ અંગ્રેજીમાં વડી કચેરી ધ્વારા છપાવીને આપવામાં આવશે.જે માટે નમુના-'૧' મુજબનો રજીસ્ટર વડીકચેરીમાં રાખવાનો રહેશે. જયારે ક્ષેત્રિયકચેરીએ

..૨..

વખતે જો અન્ય કોઈ અરજીઓ પડતરમાં હોય અને આ કિસ્સાને ઓ.ટી.પી. તરીકેનો કિસ્સો ગણીને ફાળવણી કરવાની થતી હોય, તો પ્રવર્તમાન નીતિ મુજબ ફાળવણીની કિંમત ઉપર ૧૦ ટકાની વધારાની કિંમત લેવાનો જે નિયમ છે તે પ્રમાણે વધારાની કિંમત લેવી પરંતુ, આ કિસ્સો ઓ.ટી.પી નો કિસ્સો બનતો ન હોય તો આવી ૧૦ ટકાની વધારાની કિંમત લેવાની રહેશે નહી. ફાળવણીની તારીખથી ૫ વર્ષ પછીના કિસ્સામાં ફાળવણીદારને બાજુની જગ્યા /મકાન / મિલ્કત પણ ઓ.ટી.પી. હેઠળ અગ્રતાક્રમ છોડીને ફાળવણી કરવાની રહેશે નહી

(૧૯) હવે હયાત ઉદ્યોગને પાંચ વર્ષની સમય મર્યાદામાં જ ઓ.ટી.પી. તરીકે ફાળવણી પાત્ર ગણવાના હોય, ૨૦ ટકાના ઓ.ટી.પી. ના કવોટામાંથી હયાત ઉદ્યોગો માટે કરેલ આરક્ષણ દુર 'કરવાનું નકકી કરવામાં આવે છે. આથી આવા ફાળવણીદારો તેમને પ્રથમ ફાળવણીની પાંચ વર્ષની સમય મર્યાદા બાદ લગત પ્લોટની ફાળવણી માટે માંગણી કરે તો, ઓ.ટી.પી. તરીકે તેને સ્વીકારવાની રહેશે નહી અને આવી માંગણી ઓ.ટી.પી. તરીકે ગણવાની પણ રહેશે નહી.

(૨૦) <u>–: પ્લોટના ક્ષેત્રફળના તફાવત બાબત :–</u>

પ્લોટના ક્ષેત્રફળના તફાવતના કારણે વધારાની ફાળવવાપાત્ર થતી જમીન અંગેની પ્રવર્તમાન નીતિ ચાલુ રાખવામાં આવે છે પરંતુ, જયારે આવું ક્ષેત્રફળ ફાળવેલ ક્ષેત્રફળના ૫ ટકાથી વધુ હોય તેવા કિસ્સામાં જે તારીખે ક્ષેત્રફળ બાબતે સુધારો કરવામાં આવે તે તારીખની પ્રવર્તમાન કિંમતે તથા સાદુ વ્યાજ લઈને વધારાનું ક્ષેત્રફળ ફાળવવાની જે નીતિ છે તેમાં સુધારો કરીને એવું નકકી કરવામાં આવે છે કે આવી ફાળવણી માટે જે તારીખે સુધારો થતો હોય, તો તે તારીખની પ્રવર્તમાન કિંમતે વધારાના ક્ષેત્રફળ ને ફાળવી આપવો પરંતુ, સાદુ વ્યાજ વસુલ કરવું નહી.

(૨૧) <u>વણવપરાશી પ્લોટ/શેડ માટેની સ્વૈચ્છીક પરત સોંપણીની બાબત.</u>

સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિ બાબતે એવી ચર્ચા કરવામાં આવી કે કોઈ પણ અરજદાર પ્લોટ/શેડ મેળવે અને ત્યાર બાદ તાંત્રિક વ્યવસ્થાના અભાવે, ઉત્પાદન